# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 03-12-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **સંસ્કૃતિ ભુંડીયા** વાંચે છે.

*************************************************

**1)** સંસદમાં સરકાર અને વિપક્ષ વચ્ચેની મડાગાંઠનો અંત -બંને પક્ષો રાષ્ટ્રીય ગીત વંદે માતરમ તેમજ **SIR** પર ચર્ચા કરવા સંમત

**2)** રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે તિરુવનંતપુરમમાં નૌકાદળના ઓપરેશનલ પ્રદર્શનમાં મુખ્ય અતિથિ તરીકે હાજરી આપશે.

**3)** પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પ્રધાનમંત્રી કાર્યાલયનું નામ બદલીને સેવા તીર્થ કર્યું

**4)** લાલ કિલ્લા નજીક થયેલા કાર વિસ્ફોટ કેસની ટ્રાયલ માટે વરિષ્ઠ વકીલ માધવ ખુરાનાની  વિશેષ સરકારી વકીલ તરીકે નિયુક્તી

**5)** ત્રણ મેચની એક દિવસીય ક્રિકેટ શ્રેણીમાં આજે ભારત અને દક્ષિણ-આફ્રિકા વચ્ચે બીજો મુકાબલો.

..............................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PARLIAMENT-DEBATE

સંસદમાં સરકાર અને વિપક્ષ વચ્ચેની મડાગાંઠનો અંત આવ્યો છે. બંને પક્ષો રાષ્ટ્રીય ગીત વંદે માતરમ તેમજ ચૂંટણી સુધારા-SIR પર ચર્ચા કરવા સંમત થયા છે.

લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાની અધ્યક્ષતામાં કાર્યકારી સલાહકાર સમિતિએ 8 ડિસેમ્બરે બપોરે 12 વાગ્યે વંદે માતરમ પર ખાસ ચર્ચા કરવા સંમતિ આપી હતી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ચર્ચા શરૂ કરે તેવી અપેક્ષા છે. બેઠકમાં 9 અને 10 ડિસેમ્બરે લોકસભામાં ચૂંટણી સુધારાઓ પર 10 કલાકની ચર્ચા કરવાનો પણ નિર્ણય લેવાયો છે.

મીડિયાને સંબોધતા સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ કહ્યું કે સંસદીય લોકશાહી માટે ચૂંટણી પ્રક્રિયા અત્યંત મહત્વપૂર્ણ છે. તેમણે જણાવ્યું હતું કે તમામ પક્ષો ચર્ચા માટે સંમત થયા છે.

BYTE: KIREN-RIJIJU-SIR

# NHAI - JIO AGREEMENT

રાષ્ટ્રીય ધોરીમાર્ગ સત્તામંડળ - NHAIએ રાષ્ટ્રીય ધોરીમાર્ગો પર ટેલિકોમ-આધારિત સલામતી ચેતવણી પ્રણાલી સ્થાપિત કરવા માટે રિલાયન્સ જિયો સાથે એક કરાર પર હસ્તાક્ષર કર્યા છે.

માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલયે જણાવ્યું કે, આ પહેલનો હેતુ મુસાફરોને સમયસર માહિતી પૂરી પાડીને માર્ગ સલામતીને મજબૂત બનાવવાનો છે. જે અંતર્ગત, મુસાફરોને તેમના મોબાઇલ ફોન પર SMS, WHATSAPP અને ફોન કોલ્સ દ્વારા અગાઉથી સૂચનાઓ પ્રાપ્ત થશે. જેને NHAIના ડિજિટલ પ્લેટફોર્મ, રાજમાર્ગયાત્રા મોબાઇલ એપ્લિકેશન અને ઇમરજન્સી હેલ્પલાઇન નંબર 1033 સાથે સંકલિત કરવામાં આવશે.

આ સ્વચાલિત પ્રણાલી રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર અને તેની નજીક રહેતા બધા જ જિયો મોબાઇલ વપરાશકર્તાઓ માટે ઉપયોગી થશે અને મુસાફરોને જોખમી વિસ્તારમાં પ્રવેશતા પહેલા ચેતવણી આપશે.

# PRESIDENT KERELA VISIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે તિરુવનંતપુરમની મુલાકાત લેશે. નૌકાદળના ઓપરેશનલ પ્રદર્શનમાં તેઓ મુખ્ય અતિથિ તરીકે હાજરી આપશે.

સાંભળીએ એક અહેવાલ..

(V/C ANAND-PRESIDENT-VISIT)

# PREZ- PERSONS WITH DISABILITIES

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે આંતરરાષ્ટ્રીય દિવ્યાંગ દિવસ નિમિત્તે, નવી દિલ્હીમાં દિવ્યાંગ વ્યક્તિઓના સશક્તિકરણમાં તેમના અનુકરણીય પ્રયાસો માટે

વ્યક્તિઓ અને સંસ્થાઓને રાષ્ટ્રીય પુરસ્કારો એનાયત કરશે. આ પુરસ્કારનો ઉદ્દેશ્ય દિવ્યાંગ વ્યક્તિઓના સાહસ અને સિદ્ધિઓનું સન્માન કરવાનો છે.

આ સમારોહમાં દિવ્યાંગ વિદ્યાર્થીઓ, વરિષ્ઠ રાજદ્વારીઓ, ઉદ્યોગ ભાગીદારો અને દિવ્યાંગ વ્યક્તિઓના સશક્તિકરણ વિભાગના મહાનુભાવો હાજરી આપશે.

# SHAH- SEVA TIRTH

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પ્રધાનમંત્રી કાર્યાલયનું નામ બદલીને સેવા તીર્થ કર્યું છે. સોશિયલ મીડિયા સંદેશમાં, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ઉલ્લેખ કર્યો છે કે રાજભવન અને રાજ નિવાસના નામ બદલીને લોક ભવન અને લોક નિવાસ કરવામાં આવી રહ્યા છે. તેમણે આને વિકસિત અને શ્રેષ્ઠ ભારત બનાવવા તરફની દેશની યાત્રામાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ ગણાવ્યું, જેમાં સેવા અને સુશાસન મુખ્ય પ્રાથમિકતાઓ રહેશે.

શ્રી શાહે ઉમેર્યું કે છેલ્લા 11 વર્ષોમાં, નરેન્દ્ર મોદી સરકાર સત્તા કરતાં સેવાનો પર્યાય બની ગઈ છે, જ્યાં પ્રધાનમંત્રી પોતાને પ્રધાન સેવક માને છે અને લોકો માટે 24 કલાક અને સાત દિવસ કામ કરે છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# DELHI BLAST-SPECIAL PUBLIC PROSECUTER

**કેન્દ્રીય ગૃહ મંત્રાલયે 10 નવેમ્બરના રોજ લાલ કિલ્લા નજીક થયેલા કાર વિસ્ફોટ, જેમાં 15 લોકોના મોત થયા હતા, તે સંબંધિત કેસમાં ટ્રાયલ અને અન્ય બાબતો ચલાવવા માટે વરિષ્ઠ વકીલ માધવ ખુરાનાને વિશેષ સરકારી વકીલ તરીકે નિયુક્ત કર્યા છે.**

**સરકારી આદેશમાં જણાવ્યા અનુસાર, શ્રી ખુરાનાને રાષ્ટ્રીય તપાસ સંસ્થા- NIA વતી NIA વિશેષ અદાલત અને દિલ્હી વડી અદાલત સમક્ષ ટ્રાયલ અને અન્ય કાનૂની બાબતો ચલાવવા માટે ત્રણ વર્ષ માટે વિશેષ સરકારી વકીલ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. NIAએ લાલ કિલ્લા વિસ્ફોટ કેસમાં અત્યાર સુધીમાં સાત મુખ્ય આરોપીઓની ધરપકડ કરી છે.**

# CRICKET

પુરુષ ક્રિકેટમાં, ભારત આજે રાયપુરના શહીદ વીર નારાયણ સિંહ ઇન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે ત્રણ મેચની એક દિવસીય શ્રેણીની બીજી મેચમાં દક્ષિણ આફ્રિકા સામે રમશે.

આ મેચ બપોરે 1:30 વાગ્યે શરૂ થશે. પ્રથમ મેચમાં દક્ષિણ આફ્રિકાને 17 રનથી હરાવ્યા બાદ ભારત હાલમાં શ્રેણીમાં 1-0થી આગળ છે.

# HOCKEY JUNIOR WORLD CUP

ભારતે FIH મેન્સ જુનિયર હોકી વિશ્વ કપ 2025માં સ્વિટ્ઝર્લૅન્ડને 5-0થી હરાવીને ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો છે. તમિલનાડુના મદુરાઈ આંતરરાષ્ટ્રીય હોકી સ્ટેડિયમમાં મનમીત અને શારદા નંદ તિવારીએ 2-2 ગોલ કર્યા, જ્યારે અર્શદીપ સિંહે એક ગોલ કર્યો.

ભારત ત્રણ મેચમાંથી નવ પોઈન્ટ સાથે પૂલ Bમાં ટોચ પર રહ્યું. શારદા નંદને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો. રોહિતની આગેવાની હેઠળની ભારતીય ટીમ હવે શુક્રવારે ચેન્નાઈમાં ક્વાર્ટર ફાઇનલમાં બેલ્જિયમ સામે ટકરાશે.

મહિલા FIH હોકી જુનિયર વિશ્વ કપમાં, આજે બીજા પૂલ મેચમાં ભારત જર્મની સામે ટકરાશે. આ અગાઉ ભારતે નામિબિયાને 13-0થી હરાવીને મજબૂત શરૂઆત કરી હતી.

# UP SIR

ઉત્તર પ્રદેશમાં વિશેષ સઘન સુધારણા- SIR અભિયાન હેઠળ, અત્યાર સુધીમાં 77 ટકા ગણતરી પત્રકો ડિજિટાઇઝ્ડ કરવામાં આવ્યા. ઉત્તર પ્રદેશમાં આ ઝુંબેશની પ્રગતિની સમીક્ષા કરવા માટે ચૂંટણી પંચે ગઈકાલે એક વર્ચ્યુઅલ બેઠક યોજી હતી. જેમાં મુખ્ય ચૂંટણી અધિકારી નવદીપ રિનવા અને તમામ ચૂંટણી અધિકારીઓ બેઠકમાં હાજર રહ્યા હતા.

મુખ્ય ચૂંટણી અધિકારીએ જણાવ્યું કે, અત્યાર સુધીમાં રાજ્યમાં લગભગ 77 ટકા મતગણતરી ફોર્મ ડિજિટાઇઝ્ડ કરવામાં આવ્યા છે, જેમાં 18 હજારથી વધુ BLOએ 100 ટકા કામ પૂર્ણ કર્યું છે. મુખ્ય ચૂંટણી અધિકારીએ, મતદારોને છેલ્લી તારીખની રાહ જોયા વગર ભરેલા મતગણતરી ફોર્મ BLOને આપવા અપીલ કરી છે.

# IMD-WEATHER

હવામાન વિભાગે આજે પંજાબ અને મધ્ય મહારાષ્ટ્રમાં ઠંડીની આગાહી કરી છે. આજે કેરળ, માહે, તમિલનાડુ, પુડુચેરી અને કરાઈકલના કેટલાક ભાગોમાં ભારે વરસાદની આગાહી છે. જ્યારે આસામ, મેઘાલય, હિમાચલ પ્રદેશ, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા અને ઓડિશાના કેટલાક વિસ્તારોમાં ગાઢ ધુમ્મસની સ્થિતિ રહેવાની સંભાવના છે.

દરમિયાન, દિલ્હી-NCRમાં હવાની ગુણવત્તા ખૂબ જ ખરાબ શ્રેણીમાં છે. કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અનુસાર, આજે સવારે 6 વાગ્યા સુધીમાં સરેરાશ હવા ગુણવત્તા સૂચકાંક 377 નોંધવામાં આવ્યો હતો.

# JAISHANKAR COLOMBO

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે જણાવ્યું કે, ભારતીય વાયુસેનાનું C-17 ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટ, એક સ્વ-નિર્ભર મોડ્યુલર ફિલ્ડ હોસ્પિટલ, 70 થી વધુ તબીબી અને રાહત કર્મચારીઓ અને આવશ્યક વાહનોનો લઈને ગઈકાલે કોલંબો પહોંચ્યું હતું.

એક સોશિયલ મીડિયા સંદેશમાં, ડૉ. જયશંકરે જણાવ્યું કે, ભારત ચક્રવાત દિત્વા પછી શ્રીલંકામાં રાહત અને બચાવ કામગીરીને સતત સમર્થન આપી રહ્યું છે. દરમિયાન, સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું કે, ભારતીય વાયુસેનાના MI-17 હેલિકોપ્ટર પણ બચાવ કામગીરીમાં જોડાયેલા છે. આઠ ટનથી વધુ રાહત સામગ્રી પહોંચાડવામાં આવી છે અને 65 લોકોને બચાવી લેવામાં આવ્યા છે.

## અને હવે આજના અખબારોના સમાચાર રજૂ કરે છે રિધ્ધિ ઉંધાડ

- આજના તમામ અખબારોએ વિવિધ સમાચારોની હેડલાઈન બનાવી છે..
- દિવ્ય ભાસ્કર પ્રથમ પાને લખે છે સંચાર સાથી પર સવાલો ઉઠ્યા- સરકારે હવે કહ્યું ગમે ત્યારે એપને હટાવી શકો છો.... પુતિનનો પ્રવાસ- ભારત અને રશિયા એકબીજાના સૈન્ય અડ્ડાઓ અને સંસાધનોનો ઉપયોગ કરી શકશે.
- ગુજરાત સમાચાર લખે છે સંચાર સાથીએ સરકારને સાથ ના આપ્યો....
- સંદેશ સમાચારની હેડલાઈન છે ચૂંટણી સુધારા મુદ્દે 9-10મીએ સંસદમાં ચર્ચા...એપ્રિલ 2026થી ફેબ્રુઆરી 2027 વચ્ચે બે તબક્કામાં વસ્તી ગણતરી...
- સંસદમાં SIR અને વંદેમાતરમ પર ચર્ચા માટે સરકાર સંમત આ હેડલાઈન છે નવગુજરાત સમયની...
- આ સાથે જ સ્થાનિક અને રમતગમતના સમાચારમાં તમામ અખબારોએ ગોધરા કાંડના 11 આરોપીને નિર્દોષ છોડતો ચુકાદો હાઈકોર્ટે યથાવત રાખ્યો.... રાજકોટ જિલ્લા પંચાયતનું રાજકીય ચિત્ર બદલાશે- 21 બેઠકો સામાન્ય....દક્ષિણ આફ્રીકા સામે આજે બીજી વનડે, ભારત 2-0ની અજય લીડ મેળવવાના ઈરાદે ઉતરશે... આ સમાચાર છાપ્યા છે....